રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
બ્લોક નં. ૧૦/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦,
ગાંધીનગર. ફોન નં. ૦૭૯ ૨૩૨૫૩૮૫૮
Email : rcs@gujarat.gov.in

હાઉસીંગ/હાઉસીંગ સર્વિસ સોસાયટીઓએ સામુદાયિક પ્રાણીઓ સામેની હિંસા તથા પશુ પ્રેમીઓને હેરાનગતિ/અત્યાચાર કરવાથી બચવા બાબત

**:પરિપત્ર:**

પીપલ ફોર એનિમલ્સ, પબ્લીક પોલીસી ફાઉન્ડેશનએ અત્રે ની કચેરી ને કરેલ રજુઆત મુજબ હાઉસીંગ/હાઉસીંગ સર્વિસ સોસાયટીઓમાં વસતા લોકો દ્વારા શ્વાનો સામે અત્યાચાર, સામુદાયિક પ્રાણીઓને ખોરાક આપનાર અને સામુદાયિક પ્રાણીઓની સંભાળ રાખનારાઓને, હેરાનપરેશાન કરવાની ફરિયાદો દિવસે દિવસે વધી રહી છે. સહકારી હાઉસીંગ/હાઉસીંગ સર્વિસ સોસાયટીઓમાં રહેતા પ્રાણી પ્રેમી કેટલાંક રહીશો અને અન્ય રહેવાસીઓ વચ્ચે ઘર્ષણ થવાના બનાવો બની રહ્યા છે.

એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા (AWBI) નાં એનિમલ કેરટેકર્સ, પશુ માલિકો અને નિવાસી કલ્યાણ સંગઠનો માટેની માર્ગદર્શિકા અને ભારતની કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાંઆવેલ પશુ જન્મ નિયંત્રણ નિયમો, સને ૨૦૨૩ નો અમલ સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવે અને સામુદાયિક પ્રાણીઓની વસ્તીને વૈજ્ઞાનિક અને માનવીય રીતે નિયંત્રણ કરવાની સત્તા અને નસબંધી કાર્યક્રમ દરમિયાન અથવા પછી પણ કોઈપણ પ્રાણીમાં બિનજરૂરી ક્રુરતા ન આવે તે માટે દરેક હાઉસીંગ/હાઉસીંગ સર્વિસ સોસાયટીમાં મન્યુષ્યો અને પ્રાણીઓ વચ્ચે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની ખાતરી કરવાં માટે સૂચનો કરેલ છે. જેની નકલ આસાથે સામેલ છે. જેની વિગતો જોતાં

1. હાઉસીંગ/હાઉસીંગ સર્વિસ સોસાયટીનો તમામ ચેરમેન/સેક્રેટરી સાથી પ્રામાણભૂત પ્રોટોકોલ તરીકે અસરકારક અમલીકરણ અને પરિભ્રમણ દરેક માટે સમાનરૂપે ઈકોસિસ્ટમને સ્વસ્થ બનાવવાની માર્ગદર્શિકા.
2. પશુ જન્મ નિયંત્રણ નિયમો, ૨૦૨૩ ના નિયમ ૨૦ ની જોગવાઈઓ અનુસાર પાલન કરો, (A) કૂતરાઓની વસ્તી અને તેમના સંબંધિત સ્થળોની સંખ્યાને ધ્યાનમાં રાખીને, સામુદાયિક પ્રાણીઓને ખોરાક આપવાના સ્થળોની (feeding point) નિયુક્તિ કે જેના પર પરસ્પર સંમતિ હોય. (B) બાળકો અને વરિષ્ઠ નાગરિકો ઓછામાં ઓછી સંખ્યામાં આવતા હોય તેવા અને રમત-ગમતના સ્થળના આધારે સામુદાયિક પ્રાણીઓના ખોરાકનો સમય નક્કી કરવો. (feed time).
3. જે પ્રાણીઓ પર બિનજરૂરી અત્યાચાર કરે કે નુકશાન પહોંચાડે છે. તેમની પર એનિમલ વેલ્ફેર સંબંધિત એસોસિએશન કાયદેસરની કાર્યવહી કરી શકે છે.

ઉક્ત વિગતો જોતાં પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એક્ટની જોગવાઈઓ અન્વયે સમુદાયનાં પ્રાણીઓના ખોરાક અને સંભાળ તથા નસબંધી જેવી કાર્યવાહી માટે તથા પ્રાણીઓ પર અત્યાચાર ન થાય તે માટે હાઉસીંગ/હાઉસીંગ સર્વિસ સોસાયટીનાં રહીશો સ્થાનિક સ્તરે સહયોગ આપે તેની જાણ રહીશોને કરવા સદર બાબતે અ રાજ્ય ની તમામ હાઉસીંગ/હાઉસીંગ સર્વિસ સોસાયટીના ચેરમેન/સેક્રેટરીઓને અવગત કરવા આથી જણાવવામાં આવે છે.

રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,ગુજરાત રાજ્ય,
ગાંધીનગર

**પ્રતિ--**

(૧) જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),

File No: RCOS/GRM/e-file/278/2024/1578/Housing
Approved By: Registrar,RCOS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૨) શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),

સહકારી મંડળીઓ, (તમામ-)-

----- કાર્યવિસ્તાર ની તમામ હાઉસિંગ/હા.સર્વીસ મંડળી ઓ ને જાણ કરવા સારું.

**<u>*નકલ રવાના:-</u>**

અંકિતા શર્મા,

એસોસીએટ, પીપલ ફોર અનિમલ્સ પબ્લીક પોલીસી ફાઉન્ડેશન

૨/- જાણ સારૂ

ignature Not Verified
ned by:Kamal N Shah
gistrar
te:2024.07.15
38:45 +5:30

File No: RCOS/GRM/e-file/278/2024/1578/Housing
Approved By: Registrar,RCOS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign